# ૬.૯ જૈન ધર્મના આચારનું મધ્યબિંદુ : દર્શન – જ્ઞાન – ચારિત્ર.

સંસારમાં રહેલો માનવી એ ચાહે ડોકટર હોય, વકીલ હોય, એન્જીનીયર હોય કે વેપારી હોય પરંતુ ધંધો કરતાં પૈસા કમાવા એ તેનું મુખ્ય લક્ષ્ય હોય છે. ડોકટર ચાહે આંખ–કાન–નાક–ગળા– હાડકાનાં હોય કે મગજના હોય પરંતુ આવેલા તે – તે દર્દીને દવા કરાવવા દ્વારા સાજો કરવો, તંદુરસ્ત કરવો તે તેનું ધ્યેય હોય છે.

એવી જ રીતે વકીલ પાસે કોઈપણ જાતનો કેસ આવે પરંતુ તેને કોર્ટમાં કેમ જીતાડી બતાવવો તે ઉપર તેનું ધ્યાન કે કેન્દ્રિત થતું હોય છે. વિદ્યાર્થી ચાહે ૮માં ધોરણમાં, ૧૦માં ધોરણનો કે ૧૨માં ધોરણનો હોય પરંતુ પહેલા નંબરે અથવા સારામાં સારા માર્કે પાસ થવું એ તેમનો એઈમ્ હોય છે તેવી જ રીતે જૈન ધર્મમાં ચાહે તમે રોજ સવારે પ્રભુના દર્શન વંદન કરો– માતાપિતાને પગે લાગો, નાહી ધોઈ સ્વચ્છ પૂજાના કપાડં પહેરી પરમાત્માની પૂજા કરો. રોજ સવારે બાર નવકાર ગણો, રોજ એક સામાયિક કરો નવકારશીનું પચ્ચક્ખાણ કરો, રોજ પાઠશાળામાં જઈ નવું જ્ઞાન મેળવો. કે ગુરુભગવંત પાસે જઈને ગુરુવંદન કરો કે વ્યાખ્યાન સાંભળો અથવા તમે સવારે વહેલા ઊઠી શકતાં નથી કે ઊઠવામાં મોડું થઈ જાય અને બાર નવકાર ગણી લઈ માત્ર દર્શન કરી–ધંધે ચઢી જાવ છો. પણ ક્યારેય કોઈને છેતરતાં નથી. કાળા–ખોટા, આડા–અવળાં ધંધા કરતાં નથી, શક્ય પ્રયત્ને સાચું બોલો છો. એક પણ વ્યસનનો ભોગ બનતા નથી. અને શક્ય હોય તો રોજ રાત્રીભોજનનો ત્યાગ કરો છો અથવા પાંચ તિથિ રાત્રીભોજનનો ત્યાગ કરો છો.

આ આવાં નાના–મોટા કોઈપણ નીતિ–નિયમો જૈન ધર્મમાં જે જે બતાવ્યાં છે. તેનો તમે યથા સંજોગે યથાશક્તિ તમે અમલમાં મુકો છો નિમિત્તમળે કે માહોલ ઊભો થાય તો વધુ કંઈક ધર્મની આરાધના – ફંકશન કે પ્રોગ્રામમાં લાભ લો છો  તે સર્વ નાના–માટો નિયમો – વ્રતો – તપ – જપ – આરાધનાદિ પાછળ કોઈકને કોઈક તત્ત્વ (પરિબળ) કામ કરતું હોય છે.

અને તે સર્વે શુભ અને શુદ્ધ ધર્મ ક્રિયા કે ધર્મ વ્યવહાર પાછળ પરમાત્મા એ જણાવેલ સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રની તત્ત્વ જ કામ કરતું હોય છે. કેટલાક જન્મથી જૈન છે તો કેટલાક નામધારી જૈન છે. પરંતુ મારા જન્મને કંઈક અંશે વધુ સફળ અને સાર્થક કરવા ચાહતા હોતો (વધુ સુખી થવા સમાજ સેવા કે શ્રી સંઘની સેવામાં તમે રસ ધરાવો છો.

તમારી લાઈફને સકસેસ ફુલ બનાવવા ધારતા હોતો અને જીવનમાં જે જેટલી સુખ–સગવડતા પામ્યાં છો તેની પાછળ દેવ–ગુરુ–ધર્મનો ઉપકાર માનતાહો તો તમે જાણે– અજાણે કે ઈચ્છા અનિચ્છાએ પણ કંઈક ને કંઈક જૈન ધર્મના નીતિ–નિયમો કે આચાર–વિચાર અનુસરો છો.

તમને જૈનોનાજ શત્રુંજય, શિખરજી, શંખેશ્વર વગેરે તીર્થોમાં જતા અરિહંત પરમાત્મા પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા હો જિનેશ્વરોએ જે જે પણ જણાવ્યું છે. કહ્યું છે તે જ સાચું છે. નિ:શંક છે. એવું સ્વીકારતા હો, વીતરાગી દેવની વીતરાગ બનવા માટે આજ્ઞાપાલન કરવા તત્પર બનતાં હો, સંજોગ મળે એક નવું જિનાલય બંધાવવાનું કે જિનપ્રતિમા ભરાવવાનો ભાવ રાખતા હો, અષ્ટપ્રકારી પૂજા – આંગી અરે પરમાત્મા ભક્તિ કરવાનું તમને ખુબ થયાં કરતું હોય, પરમાત્માસમક્ષ સ્તુતિ, સ્તવન, સ્તોત્ર કે ભાવના ગીતો – સાંભળવા ખુબ ગમતાં હોય,

jainuniversity.org

શ્રી સિદ્ધચક્રજી, નવપદનજી કે નમસ્કારમહામંત્રનો જાપ, રટન, ચિંતન કે ધ્યાન કરવામાં મનઉત્સુક રહેતું હોય કે મઝા આવતી હોય કે તીર્થ, જિનાલય, દેરાસર સંબંધી વહીવટમાં તમે શ્રદ્ધા – નિષ્ઠા – સમર્પણ વગેરે સરળભાવે, નિ:સ્વાર્થ ભાવે કે ગણતરી વિના તન–મન–ધન સમયનો ભોગ આપતાં હો તમે દૂર રહેતા હો, અને અન્ય ધર્મના દેવ–દેવી–મંદિર  સ્થાનક વગેરેના દર્શન – વંદનાદિથી તમે દૂર રહેતા હો તમે તમારા અંતરને ભાવ મનને જિનધર્મથી વાસિત કર્યું કહેવાય, સમ્યક્ત્વની ખુબ નજીક આવ્યા ગણાય, તમારા આત્માને ભવ ભ્રમણને પાતળું કર્યું ગણાય, ચિતની નિર્મળતા – સરળતા વગેરે સદ્ગુણોની નજીક પહોંચ્યા જણાય અનેક 'શ્રદ્ધાળુ–શ્રાવક' તરીકે જિનશાસનમાં તમને સ્થાન પ્રાપ્ત કર્યું ગણાય, જો ખરેખર તેવા બન્યાં હો કે બનવાના પુરા પ્રયત્ન કરતાં હોય તો.

આ જીવનમાં ઉપરોક્ત પ્રકારના નીતિ–રીતિ–શ્રદ્ધાદિથી તમે પુષ્ટ થતાં હો એટલે તમે 'સમ્યગ્ દર્શન'ની આરાધના કરી ગણાય અને અનાદિ કાળના અનંત ભવભ્રમણ ઉપર તમે જોરદાર બ્રેકમારી તમારી જાતને ઉભી રાખી કહેવાય અને તમારી જીવન ગાડીને રીવર્સમાં લઈ મોક્ષ માર્ગ તરફ ગાડીનું મોઢું લાવીને ઉભું રાખ્યું ગણાય.

આ સમ્યગ્ દર્શનને જિનધર્મમાં સર્વ સાધનાની આધારશીલા કહી છે. એકડા વિનાના હજારો મીંડા નકામા તેમ એકડાનાં સ્થાને છે અને સર્વ સાચા સુખો મેળવવાની 'માસ્ટર કી' (Master Key) જણાવી છે.

આ સમ્યગ્ દર્શનને પણ એટલા માટે મેળવવાનું છે કે જેથી મન શાંત થાય, ચિત્ત ચોખ્ખું થાય, હૃદય શુદ્ધ થવા લાગે છે અને જીવનની સઘળી ચિંતા – બોજ–તાણ ટેન્શન વગેરે સમસ્યાઓ પરમાત્માને સોંપી દઈ, સાચા પ્રભુભક્ત બનવાની એક સુંદર તક પ્રાપ્ત થાય. પ્રભુ ભક્તિ દ્વારા પ્રભુ ભક્ત બનવામાં તમારા મનને – જીવનને જાતને પ્રભુમાં ડુબાડી દેવાનું છે. અને એમાં ઉંડા ઉતરી ખુદને પ્રભુ બનાવવાનો છે.

મનુષ્યમાં જ્યાં સુધી સત્ય શોધનની વૃત્તિ જાગતી નથી સત્યને સમજવા માટેની બુદ્ધિ તૈયાર થતી નથી, સત્યના રહસ્ય કે મર્મને જાણવાનો ભાવ જાગતો નથી ત્યાં સુધી સત્ય પ્રાપ્ત થતું નથી અને સત્ય પ્રાપ્તિવિના ન તો સાચા આનંદને પામી શકે છે, ન જીવનના આનંદને લૂંટી શકે છે, ન સત્વને વિકસાવી શકે છે કે ન આત્મ તત્ત્વને કે આત્મ શક્તિને પ્રકટ કરી શકે છે. એટલું જ નહિં તેનો માર્ગ, પણ હાથમાં આવતો નથી. કે દિશા પણ ઝટ જડતી નથી. તેથી આ દૃષ્ટિબિંદુને લક્ષ્યમાં રાખી જીવ શ્રદ્ધા–જ્ઞાન અને ક્રિયાનું સમ્યગ્ પ્રકારે આરાધન કરી શકે તો ક્રમશ: આત્માના શુદ્ધ સ્વરૂપને પામી શકે છે.

પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા – ભક્તિને પણ સ. જ્ઞાન જ પોષણ આપે છે. પુન્ય વિચારોને પુષ્ટ, દૃઢ જ્ઞાત કરે છે. નિર્મળ કરે છે. અનેક અનેક મુશ્કેલી આફતો કે તકલીફો થી મુક્ત કરે છે.

મોક્ષના જાણકારને ઓછી મહેનત વધુ ફળ મળે છે, જાણપણું હોવાથી અંતરંગ શત્રુઓને હંફાવી શકે છે. તેની ગાઢ કર્મચુંગાલથી જીવને મુક્ત કરી શકે છે. ચિતની સ્વસ્થતા ઝડપથી પ્રાપ્ત કરી શકે છે. અનેકના માર્ગદર્શક, જીવનરક્ષક, અને સદ્ગુણસર્જક બની શકે છે.

આ સમ્યગ્જ્ઞાન એટલે અંદરનું ડહાપણ, સાહજિક સાચી સૂઝ બૂઝ જે પોતાના જીવનને સ્વશક્તિઓને આત્માને અશુભ તત્ત્વોથી બચાવી શકે છે, અને આત્મિક લાભ–નુકશાનનું સ્પષ્ટ સુરેખ ચિત્ર ચિત્તમાં દોરી આપે છે. આ સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ વિના જીવ ગમે તેટલો મહાન વિદ્વાન પંડિત, શાસ્ત્રી, કે ઉપાધ્યાય જેવી પદવી પ્રાપ્ત કરી શક્યો હોય પરંતુ આત્માને આત્માના ગુણોને આત્માની શક્તિને કે આત્માના સ્વરૂપને કેન્દ્રમાં કે મધ્યબિંદુ તરીકે રાખ્યું ન હોય તો તેનો કશો વાસ્તવિક અર્થ પ્રાપ્ત થતો નથી, તેનું સાચું શ્રેય પ્રાપ્ત થતું નથી.

આ સ.જ્ઞાન પ્રાપ્ત કરવા માટે. જો તમને જૈન ધર્મનું જનરલ નોલેજ, વાર્તાઓ કથાઓ ચરિત્રો કે તત્ત્વજ્ઞાન વગેરેની બુકસો વાચવી / જાણવી ગમતી હોય ગુરુ ભગવંત કે વિદ્વાનોના પ્રવચનનો મન લઈને સાંભળવા ગમતાં હોય જિન ધર્મના મૂળભૂત તત્ત્વો, પાયાના સિદ્ધાંતો આગમો કે ગૂઢ–ગહનવાતો જાણવાની પ્રબળ જિજ્ઞાસા ધરાવતાં હો, કે તેવું સાંભળવા જાણકાર પાસે દોડી જતાં હો, મહાજ્ઞાની ગણધર ભગવંતો અને પૂર્વ ઋષિમુનિઓના પવિત્ર શુભભાવોથી ઉભરાતાં સૂત્રો–સ્તવ–સ્તોત્ર વગેરે મુખપાઠ – યાદ કરવાં શીખતાં હો, તમને જૈન ધર્મનું અવનવું વિશિષ્ટ જ્ઞાન ભણવા–શીખવા સમજવા માટે રોજ અમુક સમય પૂરા ખંતથી પ્રયત્ન કરતાં હો,

જિન ધર્મની દેરાસર–ઉપાશ્રય સંબંધી આવશ્યક ક્રિયાઓ, દર્શન, ગુરુવંદન–સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ વગેરે શીખતાં હો, ગુરભગવંત, સાધ્વીજી ભગવંત, પંડિત કે શિક્ષક પાસે જૈન ધર્મનો અભ્યાસ કરવા સમય કાઢી મહેનત કરતાં હો,

અને ખાસ, કદાચ નવું સ.જ્ઞાન ઉપાર્જન કરવાં તમે તૈયાર ન થતાં હો, ઈચ્છાહોવા છતાં સમય કાઢી શકતાં ન હો પરંતુ ધ્યાન લઈ ક્યારેય જ્ઞાનની આશાતનાઓ, સ.જ્ઞાનની વિરાધનાઓ જેવી કે પુંસ્તકો–છાપા, કાગળ, વગેરે જ્ઞાનના સાધનો જમીન ઉપર નાંખ્યા, છૂટા ફેંક્યા બાળ્યાં, તેના ઉપ્ર બેઠા, નાસ્તાદિ કર્યા, અશુચિ કરી કે સાફ કરી પગનીચે આવ્યાં, થુંકથી ટીકીટ ચોંટાડી, નોટો ગણવા થુંક લગાડ્યું ફટાકડા ફેંક્યા એઠાં મોંઢદે બોલ્યાં, ફાડ્યું, બાળ્યં, તોડ્યું વગેરે તથા જ્ઞાન કે જ્ઞાની પુરુષો(ગુરુઓ)નું અપમાન તિરસ્કાર–ગાળ–જૂઠ કે અવહેલના દ્વારા દુ:ખી કર્યા હોય, પરમાત્માના શાસન કે સિદ્ધાંતથી વિરુદ્ધ વાતો–પ્રરૂપણા કરી હોય, અશ્રદ્ધા પેદા થાય તેવી ટીકા નિંદા કરી હોય, અશ્રદ્ધા પેદા થાય તેવી ટીકા–નિંદા કરી હોય જ્ઞાનનું અભિમાન આવી ગયું હોય, જ્ઞાનના ઉપકરણોને પણ સાચવતાં ન હોય. વગેરે જે – જે સ. જ્ઞાનની આશાતના વિરાધનાદિ થાય કે થતું હોય તેનાથી પોતે અળગો રહેતો હોય, દૂરથી જ ત્યાગ કરતો હોય તો પોતે 'સમ્યગ્ જ્ઞાની' બને છે. અને ક્રમશ: આત્મબોધ પ્રાપ્ત થાય છે અંતરમાં ઉજાસ અજવાળા પ્રગટે છે.

આમ સમ્યગ્જ્ઞાનની કોઈપણ આરાધના અને અવિરાધના અનાશાતનાનો ભાવ જીવને સાચો બોધ. આત્મ બોધ કે આત્મજ્ઞાનનો બોધ પ્રાપ્ત કરાવવાનો રહેલો છે.

જીવનનું મૂલ્ય અમૂલ્ય છે. જીવનની શક્તિઓ સર્વાધિક બળવાન છે. જીવતરનું શ્રેય આનંદપ્રાપ્તિ છે. અને જીવનનું સર્વ મંગલ કરકાર્ય આત્મ સ્વરૂપની શુદ્ધિ અને સિદ્ધિમાં છે.

સમ્યગ્ ચારિત્ર એ શરીરની અંદર રહેલ આત્મતત્ત્વને, શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરાવનારો નેશનલ હાઈવે છે. માનવી ગમે તેટલું જાણતો હોય, ગમે તેટલી મોટી – મોટી તત્ત્વની વાતો કરતો હોય, જોરદાર મનનીય ચિંતનીય પ્રવચનો કે વ્યાખ્યાનો દ્વારા જાહેર સભાઓ ગજવતો હોય પણ જીવનમાં સમ્યગ્ આચાર મોક્ષપ્રાપ્તિ માટેના ન હોય તો તે જ્ઞાન શુષ્ક જ્ઞાન છે. બીજાને મનોરંજન કરાવનારું કહ્યું છે. અન્યને જ લાભ આપનારું જણાવ્યું છે.

ટેસ્ટબુક કે ટેક્ષબુકમાં જે જે પણ જાણ્યું હોય– શીખ્યાં હોય કે સમજ્યાં હોય પણ પ્રયોગશાળામાં તેનો તે પ્રયોગ કર્યા વિના પ્રયોગથી સિદ્ધ કર્યા વિના તે જાણેલું–શીખેલું અધરું ગણાય છે, ગરબઢ વાળું ગણાય છે. તેમ શ્રદ્ધા – ભક્તિ– સમજણ – બોધ – જ્ઞાન ખુબ હોય પણ કોઈ નીતિ નિયમ ન હોય, સદાચાર ન હોય, જિનાજ્ઞા પાલનપૂર્વકનો પુરુષાર્થ ન હોય તો તે મોક્ષરૂપી અંતિમ મંઝિલ સુધી પહોંચી શકતો નથી.

ચારિત્ર પાલન એટલે આચાર પાલન, તે બે પ્રકારે છે.

૧) દ્રવ્યાચાર અને

૨) ભાવાચાર

રૂઢિ, રિવાજ કે પરંપરાથી ચાલ્યા આવતાં લૌકિક આચારને અનુસરવું તે દ્રવ્યાચાર છે અને આત્મ ગુણોનો વિકસ કરવા, ક્ષમા નમ્રતા- સરળતા-સંતોષ સમતા જેટલો પણ પુરુષાર્થ કરવો પડે. જે પણ મહેનત કરવી પડે તે માટે પોતાની શક્તિ અને સંજોગો મુજબ ક્રમશઃ આગળ વધતો જાય તે ભાવાચાર છે. આ મોક્ષ પરુષુષાર્થનો માર્ગ છે. આ સ. આચાર એ જ ધર્મની સાધના અને સિદ્ધિ છે. આ સાધનાથી આગળ પછી બીજું કશું પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી

આ ત્રણેય સ. દર્શન, સ. જ્ઞાન અને સ. ચારિત્ર એ અનુસરવું એકાગ્ર બનીને આરાધવું એમાં ઓતપ્રોત થવું સમગ્ર અસ્તિત્વને તન્મય-તલ્લીન બનાવી દેવું એ જ મહાયોગ છે. મહાસમાધિ છે. મહાનસિદ્ધિ છે.

સ. ચારિત્ર હોય તો અન્ય સ. દર્શન અને સ. જ્ઞાનની ઉપસ્થિતિ જીવમાં છે એમ કહી શકાય (શ્રદ્ધા વિના કે બાહ્યાચાર કે બાહ્ય ચરિત્ર હોય શકે પરંતુ સમ્યગ્ ચારિત્ર ન હોય શકે) પરંતુ સ. ચારિત્ર વિનાની યાત્રા અધૂરી યાત્રા છે. (અંતિમ મુકામ મોક્ષ છે.) યાત્રાનો અલ્પવિરામ છે.

સ. ચારિત્ર એટલે?

આત્માનું આત્માપણું - આત્મપણામાં ટકી રહેવું એ શુદ્ધ ચારિત્ર છે. એ સ્થિતિ એ પહોંચવા માટે સ. ચારિત્ર જિનેશ્વરોએ જે સ્વરૂપે જણાવ્યું છે તે શ્રાવકના બાર વ્રતના સ્વીકારમાં, દેશવિરતિપણું છે. અને પંચાચારનું પાલન, પાંચ સમિતિ ત્રણગુપ્તિ, સાધુના સત્તાવીશ ગુણોના પાલનમાં સર્વવિરતિપણું જણાવ્યું છે.

આ વાંચીને જાણીને મનમાં એવો ભાવ આવતો હશે કે હું ક્યાં કરી શકવાનો છું? કે હું ક્યાં કરી શકીશ? આ પણું કામ નહિં આવી અઘરી-અઘરી વાતો અશક્ય છે. જેને કરવું હોય તે કરે વગેરે વિકલ્પો જેને કશું જ ન કરવું હોય કે ન કરી શકતો હોય એને ઉઠે તે સહજ છે પણ આવા વિચારોથી નાસીપાસના થવું જોઈએ. એટલા માટે કે આ સ. આચારનો માર્ગ સામાન્ય જનને સુલભ નથી, જે સંસારમાં રચ્યો-પચ્યો રહે. સુખ-સુખને સુખમાં જ બુદ્ધિ ડુબેલી હોય કે પૈસા - પૈસાને પૈસામાં જ જીવનને સફળ ગણતાં હોય તેમને માટે આ અશક્ય રહેશે પણ સર્વથા અશક્ય નહિં હોય.

તે જીવનની સઘળી જવાબદારી તમે સદા કરતાં હો કે તમારા શિરે આવી પડેલી હોય પણ કંઈક સાચો ધર્મ કરવા માટે તમારું અંતર મન તૈયાર થયેલું હોય અને કશુંક થઈ શકે તેવું કરવા માંગતા હો તો ઉઠીને તરત બ્રશ ન કરતાં સવારે તેનું પચ્ચક્ખાણ લઈ નવકારશી (સૂર્યોદય થયા પછી ૪૮ મીનીટ બાદ) સમયે ત્રણ નવકાર ગણી ચા - પાણી કરો તો ૧૦૦ વર્ષની નારકીના દુ:ખો દૂર થાય છે. કોઈપણ પ્રકારનું અળગણ પાણી વાપરવું, ઠંડાપીણા પીવા, આઈસ્ક્રીમ ચીઝ, બટર, વગેરે અભક્ષ્ય વાપરવું.

કોઈની સાથે ગાળાગાળી કરી મારા મારી ઉપર ઉપરી જવું, હિંસા કરવી કે તેમાં આડકરતરી રીતે પ્રેરણા કરી ભાગ લેવો, પ્રાણી- પશું પંખીની હિંસા જન્ય પદાર્થો ખાવા કે તેની મોજ - મઝાવાળી વસ્તુઓ વાપરવી, સિફતપૂર્વક સફેદ જૂઠ બોલવું, ચોરી કરવી, અબ્રહ્મનું સેવન કરવું, પરસ્ત્રીમાં આસક્ત થવું, નોવેલ ચેનલ, સેક્સ, વિજાતીયમાં આગળ વધવું, ધન-માલ-મિલકત-સંપતિ, સુવર્ણાદિ ભેગું કર્યે જ જવું, વધારે -વધારે ઉમેરતાં જવું, વગેરે પાપ પ્રવૃતિથી પોતાન જીવનને જે દૂર રાખે છે બ્રેક મારે છે, પાછો ફરી

જાય છે તથા ઓછામાં ઓછા પાપોથી જીવન પસાર થાય તે માટે કામ વગર ફરવાના બાહાને દેશ–વિદેશમાં જતો ન હોય, ભારે કર્મબંધ થાય તેવા મહારંભવાળા કોઈપણ ધંધા કરતો ન હોય, બાવીશ અભક્ષ્ય કે બત્રીશ અનંતકાયનો ત્યાગ કરતો હોય, પોતાને કશો સાચો લાભ ન થાય તેવા અર્થ વગરના પાપો (બિનજરૂરી) હોય તેને છોડતો જાય, અને સમયનો સમજનો સાચો સદુપયોગ કરવા માટે રોજ એક ઓછામાં ઓછી સમાયિક કરે. ચૌદ નિયમોની સમજણ મેળવી નાના નાના શક્ય હોય તેવા નિયમો ગ્રહણ કરે બે ટંક પ્રતિક્રમણ પૂર્વક આઠ સામાયિકમાં જ એક દિવસ પૂરો થાય. તેવા કોઈ સંકલ્પો લે, પર્યુષણમા એકાદિ દિવસ પૌષધ (શક્ય હોય તો આઠ દિવસ પૌષધ) કરે, તથા એક ઉપવાસ કરી બીજે દિને એકાસણું કરવા પૂર્વક ક્યારેક અતિથિ સંવિભાગ સમજપૂર્વક કરે તો સ. ચારિત્ર ધર્મની આરાધના સંસારમાં રહીને પણ સરસ કરી શકે. દેશ વિરતિધર શુદ્ધ શ્રાવક થવા માટે – સંયમ ધર્મ સર્વ વિરતિને પામવા માટે, સાધુ જીવનની નેટ પ્રેકટીસ માટે આ ઉપરોક્ત નિયમો શક્ય તેટલાં વધુ જીવનમાં ઉતરે તો તમારું ભાવ જગત જ બદલાઈ જશે અંતરની દુનિયા એક નવી જ લાગશે. જગત કરતાં અલગ પ્રકારે જ તમારું જીવન પવીત્રતાના માર્ગે પ્રયાણ કરશે.

શ્રદ્ધા–જ્ઞાન–ત્યાગ– વૈરાગ્યના રંગ લાગ્યા વિના જગતનું સાચું ભાન થતું નથી, સત્યનું સ્વરૂપ સમજાતું નથી, સાચા આનંદની દિશા પણ સાચા અર્થમાં મળતી નથી, તેથી જૈન ધર્મઆ જીવનને ઉર્ધ્વમુખી બનાવવા ઉર્ધ્વગતિએ પહોંચાડવા માટે, સંસારથી અલિપ્ત રાખવા. સાધ્યની સિદ્ધિ માટે, જે પણ આરધના–સાધના કે ઉપાસનાનો માર્ગ બતાવે છે. તે દરેક નીતિ – નિયમ – સદાચાર કે સિદ્ધાંત પાછળ આત્માની અંદર રહેલ સ. દર્શન, સ. જ્ઞાન, સ. ચારિત્રના માર્ગો ઉપર જ પ્રયાણ કરાવે છે તેને રત્નત્રયી તરીકે ટુંકમાં ઓળખાવાય છે. તેની સિદ્ધિ માટે તેના પકી પરમસિદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

આ રીતે જૈન ધર્મના નાના – મોટા પ્રત્યેક પાછળ આ 'રત્નત્રયી'નું પરિબળ જ જીવનું એકાંતે કલ્યાણ કરતું હોય છે. સદ્‌ગતિમાં લઈ જઈ પછીના ભવોમાં પણ અધૂરી આત્મવિકાસયાત્રા આગળ વધારતી હોય છે. અને પરંપરાઓ પરમગતિ કહેતાં મોક્ષને પ્રાપ્ત કરાવે છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિદુક્કડમ્

jainuniversity.org